# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

Date : 7-11-2024 Evening : 7.50 to 8.00
Day : Thursday National News

## આકાશવાણી સમાચાર **રીટા દવે** વાંચે છે.

******************************************************

1. આતંકવાદનો સામનો કરવા સરકાર ટૂંક સમયમાં રાષ્ટ્રીય આતંકવાદ વિરોધી નીતિ અને વ્યૂહરચના અમલમાં મૂકશે તેવી કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહની જાહેરાત
2. વિદેશ મંત્રાલયે કહ્યું કે ભારત અને અમેરિકા વચ્ચે વેપાર અને વ્યૂહાત્મક ભાગીદારી વધુ મજબૂત બનાવવા ભારત આતુર
3. ભરતી પ્રક્રિયાના કોઇપણ નિયમો અધવચ્ચે નહીં બદલવાનો સર્વોચ્ચ અદાલતનો આદેશ
4. ઝારખંડમાં વિધાનસભાની ચૂંટણી માટેનો પ્રચાર પૂરજોશમાં - તમામ પક્ષોની મતદારોને રિઝવવા ચૂંટણી સભાઓ
5. છઠપૂજાના મહાપર્વ નિમિત્તે અસ્ત થતા સૂર્યને લાખો ભક્તોએ અર્ધ્ય આપ્યો.. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ છઠપૂજાના પર્વની દેશવાસીઓને શુભકામના પાઠવી

*****************************************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

**REV. DAY AMIT SHAH CONFERENCE**

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે આજે જાહેરાત કરી હતી કે સરકાર ટૂંક સમયમાં આતંકવાદ અને આતંકવાદી ઇકોસિસ્ટમ સામે લડવા માટે રાષ્ટ્રીય આતંકવાદ વિરોધી નીતિ અને વ્યૂહરચના અમલમાં મૂકશે. નવી દિલ્હીમાં રાષ્ટ્રીય તપાસ એજન્સી, NIA દ્વારા આયોજિત બે દિવસીય આતંકવાદ વિરોધી પરિષદનું ઉદ્ઘાટન કરતાં, શ્રી શાહે જણાવ્યું હતું કે, છેલ્લા 10 વર્ષોમાં, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ચાર્જ સંભાળ્યો ત્યારથી, સરકારે આતંકવાદ સામે મજબૂત અભિગમ અપનાવ્યો છે.

(બાઇટ-અમિત શાહ)

તેમણે કહ્યું કે, આતંકવાદ સામે શૂન્ય સહિષ્ણુતાના શ્રી મોદીના આહ્વાનને સમગ્ર વિશ્વમાં આવકારવામાં આવ્યુ છે. શ્રી શાહે કહ્યું કે, છેલ્લા દસ વર્ષમાં આતંકવાદ સામે લડવા માટે દેશમાં એક મજબૂત ઇકોસિસ્ટમ વિકસાવવામાં આવી છે. તેમણે કહ્યું કે, 2006થી 2013ના સમયગાળાની સરખામણીમાં 2014થી 2021 દરમિયાન આતંકવાદી ઘટનાઓમાં 70 ટકાનો ઘટાડો થયો છે.

કેન્દ્રીય ગૃહમંત્રીએ કહ્યું કે, યુવા અધિકારીઓ માટે વિશેષ તાલીમની જરૂરિયાત છે અને તેઓ અદ્યતન તકનીકોથી સજ્જ હોવા જોઈએ.

શ્રી શાહે જણાવ્યું હતું કે ત્રણ ફોજદારી કાયદાઓ વિશ્વમાં સૌથી આધુનિક અને તકનીકી રીતે અદ્યતન હશે. તેમણે કહ્યું કે, તાજેતરના સમયમાં સુરક્ષા સંબંધિત ઘણા કાયદાઓમાં સુધારો કરવામાં આવ્યો છે. તેમના ભાષણ દરમિયાન, શ્રી શાહે આઝાદી બાદ દેશની આંતરિક અને સરહદી સુરક્ષા કાજે પોતાની જાતને હોમી દેનારા 36 હજાર 468 પોલીસ કર્મચારીઓને શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી.

## MEA-BRIEFING

વિદેશ મંત્રાલયે આજે કહ્યું કે ભારત અને અમેરિકાની ભાગીદારી બહુપક્ષીય અને વિશેષ છે. વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે આજે નવી દિલ્હીમાં પત્રકાર પરિષદમાં જણાવ્યું હતું કે, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ચૂંટાયેલા

રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ સાથે વાત કરી હતી અને તેમને જણાવ્યું હતું કે ભારત-યુએસ વ્યાપક વૈશ્વિક અને વ્યૂહાત્મક ભાગીદારીને વધુ મજબૂતકરવા માટે ભારત આતુર છે. શ્રી જયશવાલે કહ્યું કે, ભારતઅને અમેરિકા લોકોના કલ્યાણ માટે અને શાંતિ અને સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે કામ કરશે.

ટોરોન્ટો, કેનેડામાં કેટલાક સુનિશ્ચિત કોન્સ્યુલર શિબિરોને રદ કરવા અંગે, શ્રી જયશ્વાલે જણાવ્યું હતું કે, આ શિબિરો રદ કરવામાં આવી હતી કારણ કે તેમને કેનેડા સરકાર તરફથી પૂરતી સુરક્ષા અપાઇ ન હતી.. તેમણે જણાવ્યું હતું કે, આ કોન્સ્યુલર શિબિરો ભારતીય સમુદાય સંગઠનોની વિનંતી પર આયોજિત કરવામાં આવે છે અને તે સમુદાય સંગઠનની સુવિધા અનુસાર આયોજિત કરવામાં આવશે. કેનેડાના બ્રેમ્પટનમાં મંદિર પર થયેલા હુમલાની ઘટના અંગે શ્રી જયશ્વાલે કહ્યું કે, ભારતે હુમલાની નિંદા કરી છે અને કેનેડા સરકારને કાયદાની સ્થિતીને જાળવી રાખવા અને હિંસા કરનાર લોકો સામે કાર્યવાહી કરવાની પણ માંગણી કરી હતી...

અફઘાનિસ્તાનને આપવામાં આવેલી માનવતાવાદી સહાય અંગે વિદેશ મંત્રાલયના પ્રવક્તાએ માહિતી આપી હતી કે અફઘાનિસ્તાનને 50 હજાર મેટ્રિક ટન ઘઉં, 300 ટન દવાઓ અને 28 ટન ભૂકંપ રાહત સામગ્રી પહોંચાડવામાં આવી છે.

## GAJENDRASINGH TRAVEL MARKET

વર્લ્ડ ટ્રાવેલ માર્કેટ 2023, લંડનમાં યોજાયું છે. 5થી-7મી નવેમ્બર દરમિયાન યોજાયેલા આ કાર્યક્રમમાં કેન્દ્રશાસિત પ્રદેશ દિવ અને દાદરાનગર હવેલીના પણ સ્ટોલ પ્રદર્શિત કરાયાં છે. આ કાર્યક્રમ દ્વારા કેન્દ્રશાસિત પ્રદેશોની વૈવિધ્યસભર પ્રવાસન ક્ષમતા, કુદરતી સૌંદર્ય અને ટકાઉ અને જવાબદાર પ્રવાસનને વૈશ્વિક પ્લેટફોર્મ પૂરું પાડે છે.

ઈવેન્ટના બીજા દિવસે, કેન્દ્રીય પ્રવાસન અને સંસ્કૃતિ મંત્રી શ્રી ગજેન્દ્ર સિંહ શેખાવત અને પ્રવાસન વિભાગના મહાનિર્દેશક મુગ્ધા સિંહા દ્વારા તેની મુલાકાત

લેવામાં આવી હતી.. આ કેન્દ્રશાસિત પ્રદેશોના સ્ટેન્ડનું સન્માન કરવામાં આવ્યું હતું. કેન્દ્રીય મંત્રીને કોફી ટેબલ બુક્સ અર્પણ કરવામાં આવી હતી. તેમની મુલાકાત દરમિયાન, મંત્રીએ વિશ્વ કક્ષાના ઈન્ફ્રાસ્ટ્રક્ચર દ્વારા જવાબદાર પ્રવાસનને પ્રોત્સાહિત કરવા અને પ્રાકૃતિક અને સાંસ્કૃતિક આકર્ષણોના સમૃદ્ધ મિશ્રણ સાથે એક અનોખા સ્થળ તરીકે વિકસાવવાના તેના પ્રયાસોની પ્રશંસા કરવામાં આવી હતી.. આ કેન્દ્રશાસિત પ્રદેશોને તેમની શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી.

## SC-RECRUITMENT RULES

સર્વોચ્ચ અદાલતે આજે જણાવ્યું હતું કે સરકારી નોકરીઓમાં નિમણૂક માટેના ભરતીના નિયમો અધવચ્ચે બદલી શકાશે નહીં.

મુખ્ય ન્યાયાધીશ ડીવાય ચંદ્રચુડની આગેવાની હેઠળની પાંચ ન્યાયાધીશોની બેન્ચે જણાવ્યું હતું કે એક વખત ભરતી પ્રક્રિયા શરૂ થાય તે પહેલાં નક્કી કરવામાં આવે તો તેને અધવચ્ચે બદલી શકાય નહીં. બેન્ચે એમ પણ કહ્યું કે, પસંદગી માટેના નિયમો મનસ્વી ન હોવા જોઈએ અને બંધારણની કલમ 14 અનુસાર હોવા જોઈએ.

સર્વોચ્ચ અદાલતે સર્વસંમતિથી જણાવ્યું હતું કે પારદર્શિતા અને બિન-ભેદભાવ એ જાહેર ભરતી પ્રક્રિયાની વિશેષતા હોવી જોઈએ અને અધવચ્ચે નિયમોમાં ફેરફાર કરીને ઉમેદવારોને આશ્ચર્યચકિત ન કરવા જોઇએ.

## MID BREAK- NEWS-REGIONAL

**આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ રાષ્ટ્રીય સમાચાર આપ અમારી** Youtube **ચેનલ** A.I.R. **ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા એક્સ હેન્ડલ** A.I.R. **ન્યૂઝ અન્ડર સ્કોર** ABAD **ને ફોલો કરી શકો છો.**

## MANSUKH MANDVIA

શ્રમ અને રોજગાર મંત્રી ડૉક્ટર મનસુખ માંડવિયાએ નવી દિલ્હીમાં શ્રમ સુવિધા અને સમાધાન પોર્ટલના સુધારા અંગે સમીક્ષા બેઠકની અધ્યક્ષતા કરી હતી. બેઠકને સંબોધતા મંત્રીએ કહ્યું કે શ્રમ સુવિધા અને સમાધાન પોર્ટલના સુધારામાંકાર્યક્ષમતા, અસરકારકતા અને ઉપયોગમાં સરળતા પર ભાર મૂકવામાં આવ્યો છે.

શ્રી માંડવિયાએ જણાવ્યું હતું કે ટેક્નોલોજી અને ટેકનિકલ સુવિધાઓને અપગ્રેડ કરીને સરકાર દેશભરની સંસ્થાઓ માટે વધુ સુવ્યવસ્થિત અનુપાલન પ્રક્રિયા તરફ આગળ વધી રહી છે. તેમણે ઉમેર્યું હતું કે આનાથી કામદારો માટે વધુ સારી સેવા વિતરણ અને સુરક્ષાની પણ ખાતરી મળશે.

## REV. EVE JHARKHAND CAMPAIGNING

ઝારખંડમાં, NDA અને ઇન્ડિયા ગઠબંધનના નેતાઓએ પ્રથમ તબક્કાનું મતદાન થવાનું છે એવા વિસ્તારોમાં ચૂંટણી સભાઓ સંબોધી હતી. હજારીબાગ ખાતે ચૂંટણી રેલીને સંબોધિત કરતા ભાજપના વરિષ્ઠ નેતા અને કેન્દ્રીય મંત્રી અન્નપૂર્ણા દેવીએ દાવો કર્યો કે રાજ્યમાં હેમંત સોરેનની આગેવાની હેઠળની સરકારના શાસનથી ઝારખંડના લોકો નાખુશ છે.

જ્યારે ઝારખંડ મુક્તિ મોરચાના નેતા કલ્પના સોરેને ખુંટી ખાતે જાહેર સભા યોજી હતી. ભાજપ પર તેમણે આરોપ લગાવ્યા હતા.. કલ્પના સોરેને કહ્યું હતું કે હેમંત સોરેન સરકારના કાર્યકાળ દરમિયાન અનેક વિકાસના પ્રોજેક્ટ પૂર્ણ થયા છે.

કોંગ્રેસ RJD, AJSU અને ડાબેરી પક્ષોના નેતાઓ પણ રાજ્યના વિવિધ ભાગોમાં ચૂંટણી રેલીઓને સંબોધિત કરી રહ્યા છે. 81 સભ્યોની વિધાનસભાની ચૂંટણી આ મહિનાની 13 અને 20 તારીખે બે તબક્કામાં મતદાન યોજાશે જ્યારે મતગણતરી 23 નવેમ્બરે થશે.

## DAY CHHATH PUJA BIHAR

દેશના વિવિધ ભાગોમાં છઠના ચાર દિવસીય તહેવારની ધાર્મિકઉત્સાહ અને ઉલ્લાસ સાથે ઉજવણી કરવામાં આવી રહી છે. આજે ત્રીજા દિવસે 36 કલાકના ઉપવાસ શરૂ કરનાર ભક્તોએ આજે અસ્ત થતા સૂર્યને અધર્ય અર્પણ કર્યો હતો. આવતીકાલે સવારે ઉગતા સૂર્યને અર્પણ કર્યા બાદ ઉત્સવનું સમાપન થશે.

છઠ્પૂજાના આ પર્વ પર પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે છઠ પર્વના ત્રીજા દિવસે દેશવાસીઓને શુભેચ્છા પાઠવી છે. સોશિયલ મીડિયા પોસ્ટમાં શ્રી મોદીએ કહ્યું કે છઠ સંધ્યા અર્ધ્ય તહેવાર સાદગી, સંયમ, સંકલ્પ અને સમર્પણનું પ્રતીક છે. આ તહેવાર દરેકના જીવનમાં ખુશીઓ, સમૃદ્ધિ અને સૌભાગ્ય લાવે તેવી તેમણે શુભેચ્છા પાઠવી હતી.

## J&K: KILLED

જમ્મુ અને કાશ્મીરમાં, જમ્મુ ડિવિઝનના રિયાસી જિલ્લામાં આજે એક વાહન રસ્તા પરથી ખીણમાં ખાબકતાં એક સગીર સહિત ચાર લોકોનાં મોત થયાં હતા અને અન્યબે ઇજાગ્રસ્ત થયા હતા. અમારા સંવાદદાતાએ અહેવાલ આપ્યો છે કે, ત્રણ લોકોના ઘટનાસ્થળે જ મોત નીપજ્યા હતાં... જ્યારે અન્ય ત્રણને ઈજા થઈ હતી અને તેમને તાત્કાલિક હોસ્પિટલમાં લઈ જવાયા હતા. પ્રાથમિક સારવાર બાદ, ઇજાગ્રસ્તોને રિયાસીની જિલ્લા હોસ્પિટલમાં રિફર કરવામાં આવ્યા હતા, જ્યાં ત્રણઈજાગ્રસ્તોમાંથી એકનું મૃત્યુ થયું હતું. તમામ મૃતકો રિયાસી જિલ્લાના મહોરતાલુકાના રહેવાસી હતા.

## WEATHER

હવામાન વિભાગે દરિયાકાંઠાના રાજ્યોમાં વરસાદ પડવાની સંભાવના વ્યક્ત કરી છે.દિવાળી બાદ વાતાવરણમાં ઠંડક પ્રસરી છે.તો બીજી તરફ બંગાળની ખાડીમાં સાયક્લોનિક સરક્યુલેશન બની રહ્યું છે, જેના કારણે હવામાન વિભાગે 12 નવેમ્બર સુધી દક્ષિણ ભારત અને ઉત્તર ભારતના રાજ્યોમાં વરસાદનું એલર્ટ જાહેર

કર્યું છે. જેના કારણે કેરળ, તમિલનાડુ, આંધ્રપ્રદેશ, કર્ણાટક, પુડુચેરી, મણિપુર, નાગાલેન્ડ, મિઝોરમ, ત્રિપુરા, આંદામાન નિકોબાર ટાપુઓમાં 12 નવેમ્બર સુધી તોફાની પવનો ફૂંકાવાની સંભાવના પણ વ્યક્ત કરી છે. વાતાવરણ માં આવનારા ફેરફારના કારણે હવામાન વિભાગે લોકોને સતર્ક રહેવાની સૂચના આપી છે.

## INDIA-BHUTAN

આસામના રાજ્યપાલ લક્ષ્મણ પ્રસાદ આચાર્યએ આજે તામૂલપુર જિલ્લામાં દરંગા ઇમિગ્રેશન ચેક પોસ્ટનું ઉદ્ઘાટન કર્યું હતું. ભૂટાનના પ્રધાનમંત્રી લિયોન ચેન દાશો શેરિંગ તોબગેની હાજરીમાં આ કાર્યક્રમમાં બોલતા , રાજ્યપાલે ઉદઘાટનને ઐતિહાસિક ગણાવીને તેને ભારત અને ભૂતાન વચ્ચે પરસ્પરમિત્રતા અને સહયોગ માટેના આ સમયને ઉત્તમ ગણાવ્યો હતો.. આ પ્રસંગે કેન્દ્રીય ગૃહરાજ્ય મંત્રી બંદી સંજય કુમાર, કેન્દ્રીય વિદેશ રાજ્ય મંત્રી પવિત્રા માર્ગેરિતા અને આસામના એક્ટ ઈસ્ટ પોલિસી બાબતોના મંત્રી ચંદ્ર મોહન પટોવારીએ પણહાજરી આપી હતી અને પ્રસંગોચિત સંબોધન કર્યું  હતું.